**ક્રિ.કેસ નંબર–૧૨૦૪૨૯૯–૧૦**

<u>આંક–૧ નીચે હુકમ</u>

(૧) વિ.એ.પી.પી.શ્રીએ હાલની અરજી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૧ મુજબની પરવાનગી અરજી આંક–૩ની આપેલ છે તથા આંક– ૦૪ થી વિડ્રો પુરશીસ આપેલ છે આ કેસમાં આરોપી ઘણા સમયથી મળી આવતો નથી તેવા શેરા સાથે તેઓના પ્રોસેસ પરત આવેલ છે.

(૨) આરોપી વિરૂદ્ધ કેસની હકીકત અને સજાની જોગવાઈ અને સરકારશ્રીનુ નોટીફીકેશન તથા આ અદાલત દ્વારા કલેકટરશ્રીને મોકલવામાં આવેલ લીસ્ટ ઊપર વિ.એ.પી.પી.શ્રીએ કરેલ શેરો અને કલેકટરશ્રીએ તેમના પત્ર ક્રમાંક ડીસી/ સીટીઝેડ/ મેટ્રોકોર્ટ/લોકઅદાલત /ડોરમેન્ટ/કેસ પરત / ૨૦૧૯. તા.૦૪/૦૭/૨૦૧૯ થી આ કેસો પરત ખેંચવા વિ.એ.પી.પી.શ્રીને મંજુરી આપેલ છે અને તે સંદર્ભે વિ.એ.પી.પી.શ્રીએ અરજથી તે બાબતની પરવાનગી માંગેલ છે તથા વિડ્રો પુરશીશ આપેલ છે અને તે સંજોગોમાં વિ.એ.પી.પી.શ્રીની અરજી તથા કલેકટરશ્રીના ઊપરોકત પત્ર અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૨૧ મુજબ પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. આરોપીને ગુનામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો નાશ કરવો , સરકાર ખાલસા કરવા, મુદ્દામાલની વચગાળાની કસ્ટડી જેને સોંપેલ છે તે કાયમી રાખવાનો હુકમ કરવામાં આવેલ છે.

હુકમ તારીખ ૧૪ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

મુ.અમદાવાદ<br>
તા.૧૪/૦૯/૨૦૧૯

(સી.જે.પટેલ)<br>
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ<br>
કોર્ટ નંબર–૧૨,અમદાવાદ<br>
જી.જે.૦૧૦૫૬

......